ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૭ ટકા

# શહેરમાં ઘરફોડ અટકાવવા પોલીસનો એક્શન પ્લાન

**સે- ૨૧ પોલીસની હદમાં ચાર નાકા પોઇન્ટ, પાંચ પોલીસના વાહનો અને બાઇક પેટ્રોલિંગ ઉપરાંત ૪૫ પોલીસ અને હોમગાર્ડ જવાનો નાઇટ પેટ્રોલીંગમાં તૈનાત : સે-૨૭માં વિશેષ પોલીસ નાઈટ પેટ્રોલિંગમાં મુકાઈ : નાઈટ સીસીટીવી સર્વેલન્સ પણ હાથ ધરાયું**

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં અને ખાસ કરીને સે-૨૭માં તાજેતરમાં થયેલી ઘરફોડ ચોરીઓને પગલે સેક્ટર-૨૭ના વસાહતીઓમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે જેને પગલે વસાહતીઓએ રાત્રિ પેટ્રોલિંગ શરૂ કરી દીધું છે. આ ઘરફોડ ચોરી અટકાવવા ચોરોને પકડવા પોલીસે મજબૂત એક્શન પ્લાન તૈયાર કરી દીધો છે. સે-૨૧ પોલીસ મથકની હદમાં જ ચાર અલગ અલગ સ્થળોએ નાકા પોઈન્ટ ડબલ એક્ટીવ કરી દીધા છે. પાંચ પોલીસના વાહનો અને બાઈક પેટ્રોલિંગ ઉપરાંત ૪૫ પોલીસ તથા હોમગાર્ડ જવાનો નાઈટ પેટ્રોલીંગમાં તૈનાત કરી દેવાયા છે. તે ઉપરાંત સે-૨૭ના વસાહતીઓને ભયમુક્ત કરવા તથા સલામતિ આપવા આ સેક્ટરમાં વિશેષ પોલીસ નાઈટ પેટ્રોલિંગમાં રાખવામાં આવ્યુ છે. તો બીજી તરફ શહેરના માર્ગો ઉપરની શંકાસ્પદ અવર-જવર પર નજર રાખવા નાઈટ સીસીટીવી સર્વેલન્સ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં ૧૫ થી ૩૦ સેક્ટર અને આદીવાડા-બોરીજ અને ચરેડી સહિતના કેટલાક ગામો આવે છે. આટલા વિસ્તારો માટે પોલીસનુ વિશેષ નાઈટ પેટ્રોલિંગ ગોઠવવામાં આવ્યું છે. જીલ્લા પોલીસે બનાવેલા નવા એક્શન પ્લાન મુજબ હવે ચોરોને શહેરની બહાર ભાગવું તો ઠીક પરંતુ અંદર ઘુસવુ પણ પરસેવા છોડાવી દે તેવી શક્યતા છે. આ વિસ્તારમાં રાત્રી દરમિયાન સતત પેટ્રોલીંગ માટે બે પીસીઆર વાન, બે ટાઉન વાન, પોલીસ ઈન્સ્પેક્ટરની સુમો ગાડી ઉપરાંત સતત બાઈક પેટ્રોલિંગ માટે પણ પોલીસ દોડતી કરવામાં આવી છે. જિલ્લા પોલીસ અધિક્ષકે અસરકારક રાત્રી પેટ્રોલીંગની કડક સૂચના આપી છે ત્યારે ઉપરોક્ત તમામ વાહનો સાથે પોલીસ આ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ કરશે. તો બીજી તરફ ચાર સ્થળોએ નાકા પોઈન્ટ એક્ટિવ કરવામાં આવ્યા છે. સે.૩૦ સર્કલ પાસે, ચરેડી ફાટક પાસે, સેક્ટર-૨૬ ટાટા ચોકડી પાસે અને રાંધેજા સર્કલ નજીક મળીને ચાર નાકા પોઈન્ટ એક્ટિવ કરીને ત્યાં તેના જ પોલીસ કર્મચારીઓને સતત એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે અને દર કલાકે વાયરલેસ પર તેમની હાજરી પુરવાની અને વાહન ચેકીંગની વિગતો લેવાની પણ સૂચના આપી દેવામાં આવી છે. આ વિસ્તારમાં ૪૫ પોલીસ અને હોમગાર્ડ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે તે ઉપરાંત ગાંધીનગર એલસીબી અને એસ.ઓ.જી.ની ટીમ દ્વારા પણ ખાનગી પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે. સેક્ટર-૨૭ ખાતે વસાહતીઓ ભયભીત હોવાથી આ સેક્ટરમાં વિશેષ પોલીસ પોઈન્ટ મુકવામાં આવ્યા છે. તો બીજી તરફ સીસીટીવી સર્વેલન્સ રૂમ પણ રાત્રિ દરમિયાન ચાલુ રાખી શહેરમાં થતી રાત્રી દરમ્યાનની શંકાસ્પદ હિલચાલ ઉપર વોચ રાખવા પણ એક ટીમ ગોઠવી દેવામાં આવી છે.



હાલનું વાતાવરણ એ વર્ષાઋતુનું છે. આવા વાતાવરણમાં સૌથી વધુ તકલીફ સ્લમ વિસ્તારના બાળકોને સ્કુલમાં જતી વખતે પડતી હોય છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ સંચાલિત ગાંધીનગર ચાઈલ્ડલાઈન ૧૦૯૮ જે જરૂરિયાત મંદ બાળકો માટેની આપાતકાલીન સેવા છે તેના દ્વારા જે બાળકોને માતા-પિતા નથી અથવા તો એક વાલી છે તેવા શાળામાં જતા બાળકોને વરસાદથી બચવા માટે દાતાશ્રી દ્વારા પાસેથી મેળવેલ દાનથી રેઈનકોટનું વિતરણ સરકારી શાળાઓમાં કરવામાં આવ્યું હતું.

## ગાડી માલિકે એવરેજ ઓછી આવતા ગ્રાહક તકરાર નીવારણ ફોરમમાં ફરિયાદ કરી

ગાંધીનગર, તા.૧૯

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેર નજીક આવેલા ગામમાં રહેતા અને ખાગની વ્યવસાય કરતા એક ગ્રાહકે જાન્યુઆરી-૨૦૧૭માં કાર ખરીદી હતી. તે સમયે શો રૂમવાળાઓએ કારની એવરેજ પ્રતિલીટર ૨૫ કીમી કહી હતી. તેમ કાર માલિકનું કહેવું છે, પરંતુ કાર માલિકના જણાવ્યા મુજબ કારની એવરેજ ૧૭.૫ આવે છે. જેથી પહેલીવાર કાર સર્વિસમાં ગઈ તે સમયે જ કાર માલિકે એવરેજને લઈ ફરિયાદ કરી હતી. પરંતુ થોડા સમય બાદ ઘસારાને પગલે એવરેજ આવી જશે તેમ જણાવ્યું હતું. પરંતુ એવરેજ ના આવતા કાર માલિક વારંવાર શો રૂમ તેમજ વર્કશોપ પર ધક્કા ખાઈને પરત આવતા હતા. પરંતુ એવરેજમાં કોઈ ફેર પડ્યો ન હતો. આખરે કંટાળીને કાર માલિકે ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરિયાદ નોંધાઈ આ અંગે યોગ્ય ન્યાય મળે તેની રાહ જોઈ રહ્યા છે.



શહેરના સે-૩૦ ખાતેના મુકિતધામમાં આજે અડાલજ પોલીસ દ્વારા લાવવામાં આવલ એક પુરુષની બિનવારસી લાશની અંતિમવિધિ કરવામાં આવી હતી. આ કાર્યમાં મુકિતધામના મેનેજર કિરણસિંહ તથા સ્ટાફ વિક્રમ પુરબિયા, પ્રકાશ વાડોદરા, કુલદીપસિંહ અને અગ્રણી સેવાભાવી જીલુભા ધાંધલે જહેમત ઉઠાવી હતી.

# સિવિલમાં એનઆઈસીયુ વોર્ડનું સરનામું બદલાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ભોંયતળીયા પર એનઆઈસીયુ વોર્ડ આવેલો છે. પરંતુ વોર્ડમાં પોપડા પડવાની અને પાણી ટપકવાની ફરિયાદો ઉભી થવા પામે છે. જેને પગલે ચોમાસાની સિઝનને ધ્યાને લઈ સિવિલ તંત્રએ એનઆઈસીયુ વોર્ડને ખસેડીને તાત્કાલીક વિભાગની ઉપર જુનો સ્પેશ્યલ રુમનો વોર્ડ હતો તે સ્થળે લઈ જવાયો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નાના બાળકો માટે એનઆઈસીયુ વોર્ડ ઉભો કરાયો છે. જેમાં આધુનિક મશીનરીથી સજ્જ સ્ટાફ દ્વારા નવજાત બાળકોને સારવાર આપવામાં આવે છે. ત્યારે આ




વોર્ડ આવેલ છે તે બિલ્ડીંગ જુની છે જેને પગલે વારંવાર પાણી ટપકવાની તેમજ પોપડા પડવાની ઘટના બની હતી. જો કે સદનસીબે કોઈ જાનહાનિક કે માલહાની થવા પામી નથી. પરંતુ આ વોર્ડમાં લાખો રૂપીયાના ખર્ચે આધુનિક મશીનરી મુકવામાં આવી છે તેને પાણી પડવાથી તકલીફ થઈ શકે છે. જેને અનુલક્ષી સિવિલ તંત્ર દ્વારા એનઆઈસીયુ વોર્ડને ખસેડીને તાત્કાલીક વિભાગની ઉપર સ્પેશ્યલ રૂમનો વોર્ડ આવેલો હતો. તે સ્થળ પર ખસેડી લઈ જવાયો છે. વોર્ડમાં મોટાભાગનો સામાન તેમજ મશીનરી શીફટ કરી દેવાઈ છે. ત્યારે ટુંક સમયમાં નવજાત બાળકોનો એનઆઈસીયુ અને એચઆઈસીયુ વોર્ડનો તમામ સામાન શીફટ થઈ જતા વોર્ડ કાર્યરત થઈ જશે.

# ચોરીના પલ્સર બાઇક સાથે વાસણીયા મહાદેવ ગામમાંથી એક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર એલસીબી પી.આઈ જેડી પુરોહિતની ટીમ વાહનચોરી અટકાવવા અને વાહન ચોર પકડવા સક્રિય છે ત્યારે આજે તેમની ટીમ પેથાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમીના



આધારે ચોરીના બાઈક સાથે એક શખ્સને પકડી પાડ્યો છે. એલસીબી પીએસઆઈ એમ જે સિન્દેની ટીમના કોન્સ્ટેબલ અનુપસિંહને મળેલી બાતમીના આધારે વાસણીયા મહાદેવ ગામે આવેલી પાણીની ટાંકી પાસેથી રાજેન્દ્ર ઉર્ફે રાજુ બેચર સોલંકી નામના શખ્સને ચોરીના પલ્સર બાઈક સાથે પકડી પાડવામાં આવ્યો છે. જીજે ૬ સીએચ ૯૯૮૮ નંબરના બાઈક સાથે શંકાસ્પદ હાલતમાં મળી આવેલા રાજેન્દ્ર ઉર્ફે રાજુની ઊંડાણપૂર્વક પૂછપરછ કરતા બાઈક ને લગતા કોઈ પણ આધાર-પુરાવા તેની પાસેથી મળી આવ્યા ન હતા અને રેકર્ડ પર ખાતરી કરતાં આ બાઈક વર્ષ ૨૦૧૩માં નારણપુરા પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરી થયેલું હોવાનું બહાર આવ્યું છે. પકડાયેલા રાજેન્દ્ર ઉર્ફે રાજુ સોલંકીનો ગુનાઈત ઈતિહાસ તપાસતા અગાઉ આ શખ્સ એલિસ બ્રિજ પોલીસ સ્ટેશનમાં વાહનચોરીના ગુનામાં પકડાયો હોવાનું પણ જાણવા મળ્યું છે. એલસીબીની ટીમે ચોરીનો બાઈક રિકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બાઈક પર દેશી દારૂની હેરાફેરી કરતા બે શખ્સો ઝડપાયા

**પ્રાંતિજના બે ખેપિયાઓ બાઈક પર કોથળામાં દેશી દારૂ ભરીને જાખોરા રોડ પરથી ડીલીવરી કરવા જતા હતા ત્યારે પોલીસે પકડી પાડયા**

ગાંધીનગર, તા.૧૯

પ્રાંતિજના બે ખેપીયાઓ હિંમતનગર ચિલોડા હાઈવે ઉપર થઈને જાખોરા પાસેના આંતરિક માર્ગ પર થઈ બાઈકમાં દેશી દારૂની ડિલિવરી કરવા જઈ રહ્યા હતા ત્યારે ચિલોડા પોલીસે બાતમીના આધારે આ બન્ને શખ્સોને દેશી દારૂ ના કોથળા સાથે પકડી પાડયા હતા. ચિલોડા પોલીસે ૩૦ લીટર દેશી દારૂનો જથ્થો જપ્ત કરી બંનેની ધરપકડ કરીને વધુ પૂછપરછ શરૂ કરી છે.

ચિલોડા પોલીસ ને આજે બપોરના અરસામાં બાતમી મળી હતી કે જાખોરા ગામના આંતરિક માર્ગ પરથી પ્રાંતિજના બે શખ્સો બાઈક પર દેશી દારૂની ડિલિવરી આપવા ચિલોડા તરફ આવી રહ્યા છે. આ બાતમીના આધારે ચિલોડા પોલીસની એક ટીમ જાખોરાના આંતરિક માર્ગ પર વોચ પર ગોઠવાઈ ગઈ હતી. દરમિયાન બાતમીવાળી બાઈક ત્યાંથી પસાર થતા તેને ઉભું રખાવી ચેકિંગ હાથ ધર્યું હતું. બાઈક પર સવાર બે શખ્સો પૈકી પાછળ બેઠેલા શખ્સના હાથમાં એક કોથળો હતો. પોલીસે કોથળો તપાસતા અંદરથી દેશી દારૂની પોટલીઓ મળી આવી હતી. કોથળામાં ૩૦ લીટર દેશી દારૂ હતો. ચિલોડા પોલીસે દેશી દારૂનો જથ્થો અને બાઈક જપ્ત કરી પ્રાંતિજ પાસેના એક ગામના બંને ખેપીયાઓ કાળા હરજી રાવળ અને ઈશ્વર જવાન ચૌહાણની ધરપકડ કરી લઈ માલ કોને પહોંચાડવા લઈ જવાઈ રહ્યો હતો તે સહિતની ઊંડી તપાસ શરૂ કરી છે.

# વાવોલના સોસાયટી વિસ્તારની સ્ટ્રીટલાઈટો ‘લૉલીપોપ’ બની..!!

**થોડાક માસ પૂર્વે નંખાયેલી સ્ટ્રીટલાઇટો બંધ થઈ જતા નાગરિકો ત્રાહિમામ ચોમાસાની ઋતુમાં રાત્રિના સમયે રાહદારીઓ-વાહનચાલકો ભગવાન ભરોસે**

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલ ખાતે નવ વિકસિત સોસાયટી વિસ્તારમાં થોડા માસ પૂર્વે લગાડવામાં આવેલી સ્ટ્રીટલાઈટો માત્ર ‘લૉલીપોપ’ સમાન બનીને રહી જવા પામી છે. અત્યારે ચોમાસાની ઋતુમાં આ સ્ટ્રીટલાઈટો એ તેમનું તેજ ગુમાવી દીધું હોવાથી નાગરિકો પારાવાર મુશ્કેલીનો ભોગ બની રહ્યા છે.

વાવોલમાં થોડા માસ પૂર્વે વિવિધ નવ વિકસિત સોસાયટીઓના પ્રતિનિધિઓની બનેલી વાવોલ વિસ્તાર વિકાસ સમિતિના હકારાત્મક પ્રયાસોને કારણે ગુડા દ્વારા તાત્કાલિક ધોરણે શાંતિવન સોસાયટી પાસેના માર્ગ પર સ્ટ્રીટલાઈટની સગવડ પુરી પાડવામાં આવી હતી. આ સુવિધા ચાલુ થવાને કારણે સમગ્ર સોસાયટી વિસ્તારમાં આનંદની લાગણી



પ્રસરવા પામી હતી કારણ કે સ્ટ્રીટલાઈટ વગર સાંજના સમયે મહિલાઓ-બાળકો સહિત સિનિયર સિટિઝન્સ અને અશકતોને ભેંકાર માર્ગ પરની જોખમી પરિસ્થિતિમાં રાહત મળી હતી. આ સુવિધા માટે સોસાયટી વિસ્તારમાં લોકાર્પણ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો અને તંત્ર સહિત સત્તાધીશોએ વાહવાહી પણ મેળવી હતી.જો કે ખૂબ જ ટૂંકા ગાળામાં મોટાભાગની સ્ટ્રીટલાઈટો એક પછી એક કરીને બંધ થઈ જતા આ સુવિધા માત્ર ‘લૉલીપોપ’ સમાન બનીને રહી જવા પામી છે.

માત્ર આ માર્ગ જ નહી પરંતુ વાવોલના ઘણા વિસ્તારોમાં અનેક સ્ટ્રીટલાઈટો બંધ હોવાની સમસ્યા પ્રવર્તી રહી છે. જેમાં કોલવડા-પુન્દ્રાસણ ચોકડીથી કિર્તિધામ સોસાયટી તરફના મુખ્યમાર્ગનો પણ સમાવેશ થાય છે અત્યારે ચોમાસની ઋતુ ચાલી રહી છે અને આકાશમાં વાદળોની સતત હાજરી હોવાને કારણે સાંજે અંધારું વહેલું થઈ જવા પામે છે. વળી વરસાદના કારણે માર્ગો પર ખાડાઓમાં પાણી ભરાયેલા હોવાથી જોખમી ખાબોચીયા ઠેર ઠેર સર્જાવા પામ્યા છે. ગ્રીનસીટી સોસાયટીની બાજુના માર્ગ સહિત અનેક માર્ગો પર પાણીના ભરાવાની સમસ્યા વકરવા પામી છે અને ગટર રીપેરીંગના કામ પછી અયોગ્ય રીતે થયેલા માટી પુરાણને કારણે આખેઆખો માણસ જમીનમાં ખૂંપી જાય તેવા જોખમી માર્ગો પર મ્હોં ફાડીને ઉભા છે. આ પરિસ્થિતિમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાથી રાત્રિના સમયે નોકરી-વ્યવસાયથી પરત ફરતા રાહદારી કે વાહનચાલક માટે મોટું જોખમ તોળાઈ રહ્યું છે. સત્વરે વાવોલ વિસ્તારની તમામ સ્ટ્રીટલાઈટો ચાલુ કરાય તેવી આ વિસ્તારના રહીશોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

### ગટરના પાણીના મસમોટા ખાબોચિયાં જોખમરૂપ

વાવોલમાં પશુ દવાખાના પાસેના રેલવે ફાટક તરફના વિસ્તારમાં ખૂબ મોટા ખાડાઓ અને તેમાં ભરાયેલા ગટરના પાણીના કારણે રાહદારીઓ તથા વાહનચાલકો માટે જોખમ સર્જાયું છે. ભૂમિપાર્ક અને હરિનગર જેવી સોસાયટી નજીકમાં હોવા સાથે પાસે આવેલ દરગાહના કારણે અહીંથી પસાર થતા મહિલાઓ-બાળકો તેમજ મુસ્લિમ શ્રધ્ધાળુઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગટરના પાણીમાં વચ્ચેથી પસાર થવું પડી રહ્યું હોવાથી સ્કૂલે જતા બાળકો પણ પરેશાનીનો ભોગ બની રહ્યા છે.

# વરસાદની બદલાયેલી પેટર્નથી કોરા વિસ્તારોમાં દહેશત

**જયાં વરસે ત્યાં ધબડાતી બોલાવી દે છે તેવી પેટર્ન વરસાદમાં ઉભી થઈ છે : અમદાવાદ, ગાંધીનગર સહિત અન્ય વિસ્તારોમાં ફફડાટ**

ગાંધીનગર, તા.૧૯

મેઘરાજાનો મિજાજ ચાલુ વર્ષે અલગ જ પ્રકારનો હોવાની અનુભૂતિ સૌ કોઈ કરી રહ્યું છે. જયાં વરસ્યા ત્યાં જળબંબાકાર જયારે અન્ય વિસ્તારો સાવ કોરાકટ. દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં અનરાધાર વરસીને વરસાદે તબાહી મચાવ્યા બાદ સૌરાષ્ટ્રમાં જળબંબાકાર કરી મુકયું છે. જેથી વરસાદી પેટર્નમાં આવેલા આવા ફેરફારથી કોરા રહી ગયેલા વિસ્તારોમાં વરસાદ ધબડાટી બોલાવી દે તેવી દહેશત ઉભી થઈ છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અતિ વરસાદે ખેતીનો સોંથ વાળી દીધો છે ત્યારે ઉત્તર ગુજરાતમાં વાવણીલાયક વરસાદ ન થતાં વાવેતર કરેલો પાક મુરઝાઈ રહ્યો છે.

વરસાદની બદલાયેલી પેટર્નથી રાજયના દક્ષિણ વિભાગ અને સૌરાષ્ટ્રમાં જાનમાલનું ભારે નુકસાન થયું છે. વરસાદના રૌદ્ર સ્વરૂપે ભારે તબાહી મચાવીને નવસારી, વલસાડ, ડાંગ, ગીર, સોમનાથ, જુનાગઢ વિસ્તારોને હચમચાવી મુકયા છે. તંત્ર દ્વારા રાહત અને બચાવ કાર્ય હાથ ધરાયું છે ત્યારે રાજયના અન્ય વિસ્તારો જેવા કે કચ્છ, મહેસાણા, બનાસકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, પાટણ, મોરબી, નર્મદા, સુરેન્દ્રનગરમાં સરેરાશ કરતાં પણ ઓછો વરસાદ થયો છે. ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે અને ઘરબાહ સહિત ખાવા-પીવા સુધીની સગવડો પાણીમાં વહી ગઈ છે.

ગત વર્ષે વરસાદે બનાસકાંઠા જિલ્લામાં ભારે તબાહી મચાવી હતી જે મુજબ ચાલુ વર્ષે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અનરાધાર વરસાદથી લોકોનું જીવન ડોહ્યલું બની ગયું છે. વયોવૃધ્ધ વડીલો વરસાદ અંગે જણાવે છે કે પહેલાં વરસાદ થાય એટલે સર્વત્ર એક જ પ્રકારે વરસાદ થતો તો જેમાં અતિવૃષ્ટિ હોય તો બધે જ અતિવૃષ્ટિ સર્જાતી અને દુકાળ હોય તો સર્વત્ર દુકાળનો ઓછાયો ઉભો થતો. પરંતુ હાલની સ્થિતિ જોતા વરસાદની સ્થિતિ કંઈક અલગ જ દેખાઈ રહી છે. જયાં વરસે છે ત્યાં અવિરત વરસી નાંખી સર્વત્ર પાણી પાણી કરી નાંખે છે જયારે અન્ય વિસ્તારો કોરાંધાકોર રહી જાય છે. આવી વરસાદી પેટર્નથી અમદાવાદ, ગાંધીનગર સહિતના કોરા વિસ્તારોના લોકોમાં હવે તેમનો વારો તેવા આભાસથી ફફડાટ ફેલાયો છે. જો કે વરસાદી પેટર્નમાં દરિયાકાંઠા વિસ્તારોમાં જ અતિ વરસાદ થયો છે ત્યારે વધુ ભેજવાળા આ વિસ્તારોના કારણે વરસાદ ત્યાં થઈ રહ્યો હોવાનું અનુમાન થઈ રહ્યું છે. છતાં કુદરતની આ લીલાને પામર માનવજાત કોઈ કાળે સમજી નહી શકે તેનું આ જવલંત ઉદાહરણ બન્યું છે.



રાજય સરકાર દ્વારા ઓરી-રૂબેલા રસીકરણ દ્વારા ઓરી અને ગાલપચોળાના રોગોને નાબૂદ કરી આગામી પેઢીને સ્વસ્થ નિરોગી બનાવવાનું બીડું ઝડપ્યું છે. આ અંતર્ગત ગાંધીનગરના સે-૨૮માં વસંતકુંવરબા સ્કૂલ ખાતે ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ હાથ ધરાયો હતો. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો જુસ્સો વધાર્યો હતો.

## સે-૫ વસાહત મંડળની જનરલ સભા યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

શહેરના સેકટર-૫ ના બગીચા ખાતે વસાહત મંડળની જનરલ સભા તાજેતરમાં મળી હતી. આ સભામાં સંસ્થાના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ બે વર્ષની કામગીરીનો અહેવાલ રજુ કર્યો હતો. જયારે સેકટરની સમસ્યાઓ વસાહતીઓએ રજુ કરી હતી. જેમાં જાહેર માર્ગોની સફાઈ કરાવવી, સેકટરમાં વધતી ઝુંપડપટ્ટી, લારી-ગલ્લાના દબાણો, રખડતા ઢોર, સ્ટ્રીટ લાઈટો, બાગ બગીચાને અદ્યતન કરી સ્ટ્રીટ લાઈટ ચાલુ કરવી, પાણીનો ફોર્સ ઓછો આવતો હોવાથી પાણીની પાઈપ લાઈનો બદલવી, તેમજ મકાનના રીનોવેશનનું કાટમાળ આડેધડ જાહેર જગ્યામાં ફેંકવામાં આવે છે તેના માટે યોગ્ય જગ્યા ફાળવવી. માઈક્રો શોંપીગ બનાવવું સહિત સરકારી દવાખાનું શરુ કરાવવા સુધીના પ્રશ્નો રજુ થયા હતા. ત્યારે વસાહત મંડળ દ્વારા વસાહતીઓને કનડગત થતા તમામ પ્રશ્નોનું યોગ્ય સ્થાને લેખિત રજુઆત કરવામાં આવશે. અંતમાં વસાહત મંડળની કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં સતત બે વર્ષથી સતત કાર્યરત કેસરીસિંહ બિહોલાની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ વસાહત મંડળના પ્રમુખ અને કોર્પોરેટર રાકેશ પટેલ દ્વારા સે-૫ શોંપીગ સેન્ટરની સામેની બાજુએ વૃક્ષોનું વાવેતર કર્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં મંડળના સભ્યો, હોદેદારો, સેકટરના આગેવાનો તેમજ વસાહતીઓ હાજર રહ્યા હતા.

## રવિવારે આઈટીઆઈ ખાતે એપ્રેન્ટિસ ભરતી મેળો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતે આઈટીઆઈમાં તા.૨૧મી જુલાઈ રવિવારના રોજ એપ્રેન્ટિસ ભરતી મેળાનુ આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં વિવિધ ક્ષેત્રની નામાંકિત કંપનીઓ હાજર રહી યુવાનોને રોજગારી પુરી પાડવા પસંદગી પ્રક્રિયા હાથ ધરશે. આઈટીઆઈના વિવિધ ‘ટ્રેડ’ અનુસાર એપ્રેન્ટિસની ભરતી પ્રક્રિયા યોજાશે. આ ભરતી પ્રક્રિયામાં સામેલ થવા ઈચ્છતા ઉમેદવારો જેઓ ધોરણ ૮ પાસથી માંડીને સ્નાતક કક્ષાના હોય તેમણે પોતાના જરુરી પ્રમાણપત્રો દસ્તાવેજો સાથે તા. ૨૧મી જુલાઈ રવિવારે સવારે ૧૦ કલાકે સેકટર-૫ ખાતેના ઔદ્યોગિક તાલીમ સંસ્થાના કેમ્પસમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના આચાર્યએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સાબરમતી નદીના પુલના છેડે શ્રી વૈભવ લક્ષ્મીમાતાના મંદિરે નિઃશુલ્ક યંત્ર વિતરણ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરથી ચિલોડા તરફના માર્ગે શ્રી વૈભવલક્ષ્મી માતાનું મંદિર આવેલ છે. ગાંધીનગર જિલ્લાના આ એક માત્ર લક્ષ્મીજી મંદિરમાં દર શુક્રવારે સંધ્યાકાળે ૬.૫૫ કલાકે મહાઆરતી કરવામાં આવે છે. આરતી બાદ ભાવિકોને નિઃશુલ્ક ‘શ્રી વૈભવલક્ષ્મી યંત્ર’નું વિતરણ પણ કરવામાં આવે છે. જે ભાવિકો મહાઆરતી સમયે હાજર રહી શકયા ન હોય તેમને માટે દર રવિવારે સવારે ૯ થી ૧૦ લાકે નિઃશુલ્ક યંત્રનું વિતરણ કરાય છે. શ્રી વૈભવલક્ષ્મી માતાજીના દર્શન કરી આશીર્વાદ રૂપી યંત્ર પ્રાપ્તિ કરવા ગાંધીનરના ભાવિક શ્રધ્ધાળુઓને મંદિરના સંચાલક યોગીબાબા દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. વાઘેલા શોભારબા મનુજી, ઉ.વ. ૬૫
- સ્વ. રૂમાલજી મથુરજી ઠાકોર, ઉ.વ. ૫૭
- સ્વ. ભૂપેન્દ્ર ગોપાલદાસ કાપડીયા, ઉ.વ. ૬૮